# સાબરકાંઠા જિલ્લા લોક અદાલત યોજાઈ

હિંમતનગર, તા.૨૩

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના માનનીય અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્જ જજ બી.એન. કારીઆના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લાના તમામ બાર એસોસીએશનના સહયોગથી સને ૨૦૧૨ની ત્રીજી જનરલ લોક અદાલતની ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૩મી જુન ૨૦૧૨ને શનિવારના રોજ જિલ્લા/ તાલુકાની તમામ અદાલતોમાં સવારના ૧૦.૩૦ કલાકથી કાર્ય સમાપન સુધી લોક અદાલત યોજવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લા કક્ષાએ હિંમતનગર, મોડાસા તથા ઈડર જયુરીડીકશનની એપેલેટસ કોર્ટના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ સદર લોક અદાલતના ઉદઘાટન સમારોહમાં સૌ પ્રથમ પ્રાર્થનાથી શરુઆત કરી, દિપ પ્રાગટય કરી મંચસ્થ બિરાજમાન મહાનુભાવો દ્વારા સદર લોક અદાલત સફળ થાય તેવી શુભ કામનાઓ પાઠવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્જ જજ બી.એન. કારીઆ સદર લોક અદાલતના આ રાષ્ટ્રીય કાર્યમાં વધુને વધુ કેસો સમાધાનકારી વલણથી નિકાલ થાય અને તેનું સુખદ પરિણામ આવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તબક્કે જિલ્લાના એપેલેટસ જજશ્રીઓ, બાર એસોસીએશનના પ્રમુખ, બારના કારોબારી સભ્યો, જિલ્લા સરકારી વકીલ તથા પક્ષકારોના તમામ વકીલો અને વીમા કંપનીઓના અધિકારીઓ હાજર રહ્યા હતા. અત્રેના જિલ્લા કક્ષાએ મોટર અકસ્માત વળતર અંગેના કુલ ૯૧ કેસો મુકાયેલા જે પૈકી હાજર રહેલા પક્ષકારોના કુલ ૧૭ કેસોનો સમાધાનકારી વલણથી નિકાલ કરવામાં આવેલ અને રૂ. ૧૨,૫૩,૫૦૦નો એવોર્ડ કરવામાં આવેલ. આમ, સમગ્ર જિલ્લામાં કુલ ૩૦ જનરલ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિલીટીગેશન કેસો સહિત કુલ ૧૦૯૬ કેસો મુકવામાં આવેલા અને હાજર રહેલ પક્ષકારો પૈકી કુલ ૩૮૯ કેસોનો લોક અદાલતના માધ્યમથી સમાધાનકારી વલણથી સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૩,૫૦,૬૦૦નો એવોર્ડ કરવામાં આવ્યા હતા. આ લોક અદાલતનું સફળ સંચાલન મે. અધ્યક્ષ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરનાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈડરના ઢીંચણીયા ગામ નજીક ટ્રકે બાઈકને ટક્કર મારતા એકનું મોત : બે ગંભીર

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઢીંચણીયા ગામ નજીક શનિવારના રોજ બપોરના સુમારે બાઈકને ટ્રકે પાછળથી ટકકર મારી અકસ્માત કરી નાસી ગયો હતો જેમાં એકનું સ્થળ પર મોત નીપજેલ જયારે બે જણાને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા ભિલોડા કોટેજ હોસ્પિટલમાં લઈ ગયેલ જયાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલ હતા. આ અંગે ઈડર પોલીસને જાણ કરતા પોલીસ અકસ્માત સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા-ઈડર માર્ગ પર આવેલ ઢીંચણીયા નજીક શનિવારના રોજ ઢીંચણીયા ગામના ડાહ્યાભાઈ જાલમભાઈ કટાર (ઉંમર-૪૫), પત્ની-દલીબેન(ઉંમર-૪૦) અને પુત્ર રાનેશ (ઉંમર-૧૧) ત્રણે જણા બાઈક પર ઈડર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ગામ નજીક રોડ પર બાઈકને પાછળથી ટ્રકે ટકકર મારી નાસી ગયેલ જે અકસ્માતમાં બાઈક પર સવાર પતિ પત્ની અને પુત્ર ત્રણે રોડ પર પટકાયા હતા અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં સ્થળ પર ડાહ્યાભાઈ કટારાનું મોત નિપજયું હતું. જયારે માતા અને પુત્ર બંનેને શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ભિલોડા ૧૦૮ દ્વારા ભિલોડા કોટેજ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલ જયાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા.

# કોલેજોમાં અધ્યાપકોની જગ્યા માટે ઓનલાઈન અરજીમાં ૨૦૦ રૂ.ના ડી.ડી. થી ઉમેદવારોમાં રોષ

ઊંઝા, તા. ૨૩

રાજ્યની સરકારી તેમજ બિન સરકારી અનુદાનિત વિવિધ વિદ્યાશાખાની કોલેજોમાં જુદા જુદા વિષયોના અધ્યાપકોની ખાલી જગ્યાઓ પર નિમણુંક માટે ઓનલાઈન અરજી કરવામાં ઉમેદવારો પાસેથી ૨૦૦ રૂપિયાનો ડીમાન્ડ ડ્રાફટ મેળવવાના સરકારના નિર્ણયથી અરજી કરનારા બેરોજગાર ઉમેદવારોમાં અસંતોષની લાગણી પ્રસરી છે.

મળતી માહિતી અનુસાર રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી ગાંધીનગરના તાબા હેઠળની સરકારી તથા બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કાયદાની કોલેજોમાં જુદા જુદા વિષયોના અધ્યાપકોની ખાલી જગ્યાઓ પર નિમણૂંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ગત વર્ષે આ માટેની ઓનલાઈન અરજી જે ઉમેદવારોએ કરી હતી તેઓની પાસેથી કોઈ જ ડી.ડી. મંગાવવામાં આવ્યો ન હતો પરંતુ આ વર્ષે તા. ૨૦ જૂન ૨૦૧૨ના રોજ અધ્યાપકોની ખાલી જગ્યાઓ માટે ડેટા બેંક બનાવવા માટે ઓનલાઈન અરજી કરવાની જાહેરાત સંદર્ભમાં અરજી કરનારા બેરોજગાર ઉમેદવારો પાસેથી ૨૦૦ રૂપિયાનો ડીમાન્ડ ડ્રાફટ મંગાવાયેલ છે. જેથી અરજી કરનારા હજારો ઉમેદવારોમાં સરકારના શિક્ષણ વિભાગની આવી નીતિરિતિ સામે ઘેરા અસંતોષની લાગણઈ પ્રસરી છે.

# તલોદની બેંક ઓફ બરોડામાં અપૂરતા સ્ટાફથી ગ્રાહકોને પડતી હાલાકી

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક અને મુખ્ય વેપારી મથક એવા તલોદ નગર ખાતે આવેલી બેન્ક ઓફ બરોડાનો વહિવટ કેટલાક સમયથી કથળવા લાગ્યો હોઈ ગ્રાહકોની હાડમારી અનેકગણી વધી જતાં બેન્કને કલંક લાગી રહ્યું છે. અપૂરતા સ્ટાફને કારણે અને ગ્રાહકો સાથેના કથિત અણછાજતા વર્તાવને કારણે નિષ્ઠાવાન ગ્રાહકો બેન્ક ઓફ બરોડાથી વિમુખ થવાનું મન બનાવી બેઠા હોય તેમ ભાસી રહ્યું છે. તલોદ ખાતે દાયકાઓથી કાર્યરત એવી બેન્ક ઓફ બરોડા હાલ લગભગ રૂ. ૮૦ કરોડનો ધંધો કરી રહી છે તેમ છતાં અહિં યોગ્ય કાર્યદક્ષ અને પર્યાપ્ત માત્રામાં 'કલેરિકલ સ્ટાફ'ની ભારે અછત વરતાઈ રહી છે. હાલ માત્ર એક કલાર્ક, એક કેશિયર અને એક સ્પે. આસિસ્ટન્ટ થકી બેન્કનો વહિવટ ચાલી રહ્યો છે. તેમાં પણ એકાદ કર્મચારી લગભગ રજા ઉપર હોવાથી ગ્રાહકોને યોગ્ય સેવાઓ પુરી પાડવામાં બેન્કનું તંત્ર નિષ્ફળ પુરવાર થઈ રહ્યું છે. આ શાખામાંથી એક નિષ્ઠાવાન કલાર્કની ગાંધીનગર સે. ૨૧ અને એક કેશિયર સહિત ૩ કર્મચારીઓની અન્ય શાખામાં બદલી કરવામાં આવી છે. પરંતુ તે ખાલી પડેલ જગાએ નવા કર્મચારીઓની નિમણુંક નહિ કરવામાં આવી હોવાથી સહજભાવે પડેલ સ્ટાફની ખોટને કારણે બેન્કનું વહિવટીતંત્ર લાલિયાવાડી જેવું બની રહ્યું છે. કયારેક જે તે કાઉન્ટર ઉપર જવાબદાર કર્મચારી હાજર ન મળતાં પૂછતાછને અંતે જવાબ મળે છે કે, 'અન્ય બેન્કના કલીયરીંગમાં ગયેલ છે' આમ થતાં ગ્રાહકોની આપદા અનેકગણી વધી જતાં આખરે સારા ગ્રાહકો બેન્ક છોડી જતાં સરવાળે બેન્કને પણ નુકશાન થઈ રહ્યું છે. માટે તાકીદે બેન્કના ઉચ્ચ વહિવટીતંત્રે વેપારી મથકને લાયક અને કર્મઠ એવા કર્મચારીઓની તલોદ શાખામાં નિમણુંક કરવાનો સમય પાકી ગયો છે.

# ઉમેગસિંહજીના પરિવારને દિલાસોજી પાઠવવા ગૃહ રાજયમંત્રી હિંમતનગર આવ્યા

હિંમતનગર, તા. ૨૩

મહારાજા ઉમેગસિંહજી ઈડરનું તાજેતરમાં નિધન થતા રાજવી પરિવારની રસમ મુજબ શનિવારે હિંમતનગર ખાતે દોલત વિલાસ પેલેસમાં બેસણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હિંમતનગરના ધારાસભ્ય અને ગૃહરાજયમંત્રી પ્રફુલ પટેલ, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જે.ડી. પટેલ, જયપ્રકાશ શાહ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ સહિત રાજકીય અગ્રણીઓ અને શહેરના શ્રેષ્ઠીઓએ દોલત વિલાસ પેલેસમાં જઈ ઉમેગસિંહજીના પરિવારને દિલાસોજી પાઠવી હતી. શનિવારે રખાયેલા રાજવી પરિવારના મૃત્યુ પછીના રસમ મુજબની વિધિ દરમિયાન છોટા ઉદેપુર, રાજસ્થાન સહિતના સ્થળેથી રાજવી પરિવારોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## બ્રહ્મસમાજનું ગૌરવ

તલોદ, તા. ૨૩

મૂળ ઉમરેઠના રહીશ અને દાયકાઓથી તલોદ ખાતે સ્થાયી થયેલા સ્વ. શાંતિલાલ (બાલમુકુન્દ) સોમેશ્વર ભટ્ટ પરિવારના ભાણેજ હિરેનકુમાર મહેન્દ્રકુમાર ભટ્ટ (રહે. અમદાવાદ)નાઓની 'ડેપ્યુટી ઈન્કમટેક્ષ કમિશનર' તરીકે બઢતી થવા પામેલ છે. મહેન્દ્રકુમાર લાલશંકર ભટ્ટ પરિવારના રતન એવા હિરેન ભટ્ટે આણંદ અને અમદાવાદ આયકર ભવન ખાતે વર્ષો સુધી કર્મઠ આયકર અધિકારી તરીકે ફરજ બજાવી છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે તેઓને ઈન્કમટેક્ષ વિભાગના ડે. કમિશનર તરીકે બઢતી આપી છે. પરિણામે શ્રી ભટ્ટે બ્રહ્મસમાજ અને મોસાળ એવા તલોદ નગરને પણ ગૌરવ પ્રદાન કરેલ છે. શ્રી ભટ્ટનો ટ્રેનીંગ પિરીયડ પુરો થતાં જ જે તે મથકનું પોસ્ટીંગ થશે તેમ પારિવારિક સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## માણસામાં મતદાર જાગૃતિ અંગે રેલી યોજાઈ

માણસા, તા. ૨૩

માણસા તાલુકામાં મતદાર જાગૃતિના ઉદેશથી તાલુકાની આંગણવાડીની બહેનોએ પોસ્ટરો બેનરો અને સૂત્રોચ્ચારો સાથે વિશાળ રેલી યોજી મતદારોને જાગૃત કરવાનો સહરાનીય પ્રયત્ન કર્યો હતો.

મળતી માહિતી મુજબ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત કોઈપણ મતદારને મુશ્કેલી ના પડે તે માટે દરેક મામલતદાર કચેરી ખાતે મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. ત્યારે માણસા તાલુકાની મતદારયાદીમાં કોઈપણનું નામ રહી ન જાય તથા તમામને ચૂંટણી ઓળખકાર્ડ મળી રહે તે માટેની જાગૃતિ માટે માણસા તાલુકાની તમામ આંગણવાડીની બહેનોએ આજે મામલતદાર કચેરીથી વિવિધ સૂત્રોચ્ચાર સાથે રેલી યોજી હતી અને લોકોમાં જાગૃતતા લાવવાનો પ્રયાસ કર્યો હતો.

# ડીસામાં જવેલર્સની દુકાનમાંથી ૮.૪૨ લાખ ઉપરાંતની ચોરી

ડીસા, તા.૨૩

ડીસા શહેરના ન્યાય મંદિર સામે આવેલ એક જવેલર્સની દુકાનમાં તસ્કરોએ શુક્રવારની રાત્રિના સમય દરમિયાન બાજુની દુકાનમાંથી બાકોરું પાડી રૂ. ૮,૪૨,૭૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી નાસી છુટયા હતાં. જે અંગે પોલીસે ડોગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી ચોરીનું પગેરૂ મેળવવાની કવાયત હાથ ધરી છે. ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી પોલીસની નિષ્ક્રીયતાના કારણે ચોરી, લૂંટ તેમજ ચીલઝડપના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં ડીસામાંથી રૂ. ૧૨ લાખ ઉપરાંતની ચાંદી તેમજ પેટ્રોલપંપ કર્મચારી પાસેથી રૂ. ૧ લાખ ઉપરાંતની લૂંટ અને રૂ. ૯ લાખ ઉપરાંતના હિરાની ચીલઝડપના બનાવો બન્યા હતાં. જેમાં લૂંટ કેસનો ભેદ ઉકેલી પોલીસ રાહતનો દમ લે ત્યાં સુધી તસ્કરોએ શહેરમાં ચોરીનો મોટો હાથ મારી ફરીથી પોલીસને દોડતી કરી મુકી છે. ચોરીની વિગત એવી છે કે શહેરના વર્ધમાન સોસાયટીમાં રહેતા મનોજકુમાર કાંતિલાલ ભણશાળી (શાહ)ની ડીસા ન્યાય મંદિર સામે અરિહંત જવેલર્સ નામની દુકાન આવેલી છે. તેઓ નિત્યક્રમ મુજબ શુક્રવારે સાંજે દુકાન વધાવી ઘરે ગયા બાદ શનિવારે દુકાન ખોલતા દુકાનમાં પડેલ સોના-ચાંદીના દાગીના બોક્ષ વેરવિખેર હાલતમાં જણાયા હતાં. જેથી ચોરી થઈ હોવાનું જણાતા શહેર પોલીસ મથકે જાણ કરતા શહેર પી.આઈ. બી.એલ. પાટીલ, એ.એસ.આઈ. વિરમાભાઈ સહિતના પોલીસ સ્ટાફે તપાસ કરતાં જવેલર્સની બાજુમાં પડેલ બંધ દુકાનના પાછળના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યા બાદ દિવાલમાં બાકોરૂ પાડી જવેલર્સમાં પડેલ રૂ. ૮,૪૨,૭૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે દુકાન માલિક મનોજભાઈ શાહે શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ એફ.એસ.એલ. તેમજ ડૉગ સ્કવોર્ડની મદદથી તપાસ હાથ ધરી હતી.



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

# પ્રાંતિજમાં ચાર ઈસમોને મલેશિયામાં નોકરી અપાવવાના બહાને ટુરીસ્ટ વિઝા આપી ૪.૪૦ લાખની છેતરપીંડી

પ્રાંતિજ, તા.૨૩

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ચાર ઈસમોને વિદેશ મોકલી મોટી નોકરી અને મબલક કમાણીની લાલચ આપી ટુરિસ્ટવિઝા અપાવી રૂ. ૪.૪૦ લાખ ખંખેરી લીધા. ફરિયાદ ઘડી ગામના એક ઈસમે પ્રાંતિજ પોલીસ સ્ટેશને આપતા પોલીસે ફરિયાદ નોંધી છેતરપીંડી કરનાર ઈસમોને શોધવા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના અંબાવાડામાં રહેતા ગીરીશભાઈ જયંતિભાઈ પટેલ તથા હસમુખભાઈ પટેલ મૂળ રહેવાસી હિંમતનગર હાલ મલેશિયા વાળાએ ગત ઓગષ્ટ ૨૦૧૧થી ઓકટોબર ૨૦૧૧ દરમિયાન પ્રાંતિજ તાલુકાના ચાર ઈસમોને વિશ્વાસમાં લઈ મલેશિયામાં સારી નોકરી અને તગડો પગાર અપાવવાની લાલચ આપી તેમને શબ્દોની માયાજાળમાં ફસાવી એક વ્યકિત પાસેથી ૧.૧૦ લાખ એમ ચાર વ્યકિત પાસેથી કુલ ૪.૪૦ લાખ ઉઘરાવ્યા હતા અને ચારેયને ૧૦ દિવસના ટુરીસ્ટ વિઝા કઢાવી એરપોર્ટથી વિમાનમાં બેસાડી મલેશિયા મોકલી આપ્યા હતા. બાદમાં ૧૦ દિવસ બાદ સત્તાવાળાઓએ આ ચારેય વ્યકિતઓને પર ભારત મોકલી આપતા મલેશિયાના ટુરિસ્ટ વિઝા કઢાવી આપનાર બંને ઈસમોનો ભાંડો ફૂટતા પોતે ધોળે દિવસે છેતરાયા હોવાનો અહેસાસ થતા ઘડી ગામના જેણાભાઈ નાડીયાએ આ મામલે છેતરપીંડીની ફરિયાદ પ્રાંતિજ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી છેતરપીંડી આચરનાર ઈસમોને શોધી કાઢવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તલોદ તાલુકામાં બે પરિણીત યુવતીઓનાં દાઝવાથી મોત

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં બનેલા બે અલગ અલગ બનાવોમાં અગનજવાળાઓમાં આકસ્મિત લપેટાઈ ગયેલી અને સખત રીતે દાઝી ગયેલી બે પરણેતર યુવતીના કમકમાટીભરી હાલતમાં મોત નિપજ્યા હતા. જેમાં અણિયોડ ગામની યુવતી પુષ્પા ચમાર અને વિશ્વાસીપુરાની વેરાનીકા મેકવાનનો સમાવેશ થાય છે. સખત રીતે દાઝી ગયેલી આ બંને યુવતીઓ સઘન દાક્તરી સારવાર દરમ્યાન જ સિવિલ હોસ્પિટલ-અમદાવાદના બિછાને જ આખરી દમ તોડ્યો હતો.

અણિયોડ ગામની પુષ્પાબહેન દિનેશભાઈ ચમાર નામની યુવતી રસોડાનું ઘરકામ કરતી હતી ત્યારે પ્રાયમસની અગનજવાળા તેના કપડાંને લાગતાં ભડકો થયો હતો. જે ભડકાથી અગનજવાળામાં પુષ્પાનો લગભગ દેહ ભડથું થઈ ગયો હતો. અત્યંત ગંભીર રીતે દાઝી ગયેલી પુષ્પાને તાબડતોબ તલોદ અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન ગત રાત્રીએ પુષ્પાએ આખરી દમ તોડ્યો હતો.

બીજા બનાવમાં તલોદ નજીકના વિશ્વાસીપુરા ગામની ૨૨ વર્ષની યુવતી વેરાનીકા દાઉદભાઈ મેકવાન ઘરમાં દૂધ ગરમ કરતી હતી ત્યારે કોઈ અગમ્ય કારણોસર તે અગનજવાળાઓનો ભોગ બની હતી. તા. ૧૧/૬ના રોજ સખત રીતે દાઝી ગયેલી આ પરણેતર યુવતી વેરાનીકાને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં આજે સવારે ૧૧.૧૫ કલાકે તેણે આખરી દમ તોડ્યો હતો.

## ધનસુરાથી અણિયોર સુધીનો રસ્તો મરામત કરવા માગણી

*ધનસુરા, તા. ૨૩*

*ધનસુરાથી અણિયોરનો રસ્તો બન્યો છે. પરંતુ કેટલાક ભાગે સિંગલ રૉડ પહોળો કરેલ નથી. આ રસ્તો પહોળો કરવા માટે ટૅન્ડર બહાર પાડેલ હતા. અણિયોર સુધીનો રસ્તો પહોળો કરેલ છે. આ રસ્તો પહોળો કરેલ નથી, જેની તપાસ થવી જરૂરી છે. સિંગલ રોડ અને સાઈડો તૂટી ગયેલ છે. કવૉરી ઉદ્યોગના અસંખ્ય ટ્રકોની અવરજવરથી રસ્તો તૂટેલ છે. તો સત્વરે રસ્તો રીપેરીંગ તથા પહોળો કરવાની લોકોની પ્રબળ માગણી છે.*

## ઉજળેશ્વર મહાદેવ જવાનો રસ્તો બનાવો

*ધનસુરા, તા. ૨૩*

*ધનસુરા તાલુકામાં ઉજળેશ્વર મંદિરમાં સ્વયંભૂ શિવલિંગ છે. જ્યાં તહેવારોમાં ભક્તો પુનમે તથા તહેવારોમાં આવે છે. શ્રાવણ માસમાં જન્માષ્ટમીનો મેળો યોજાય છે. પુરાણી શિવજી, હનુમાનજીની મૂર્તિઓ પણ છે. મંદિરે જવા માટે ધનસુરા - બાયડ રોડથી ૧ કિલોમીટર છે. જે રસ્તો બનાવવા ટ્રસ્ટીઓને વારંવાર રજૂઆત કરેલ છે. પરંતુ રસ્તો બનતો નથી. તો શ્રાવણ માસ પહેલાં રસ્તો બને તેવી માગણી છે.*

## ધનસુરામાં લાખણેચી મંદિરનો રસ્તો બિસ્માર

*ધનસુરા, તા. ૨૩*

*ગુજરાત ઘોઘળ રબારી સમાજનું પ્રસિધ્ધ યાત્રાધામ લાખણેચી મંદિર આવેલું છે. આ મંદિરમાં દર પૂનમે હજારો માઈભક્તો દર્શનાર્થે આવે છે. દરેક માઈભક્ત માટે રહેવાની, પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ મંદિરમાં જવા માટે ધામણિયા કંપાથી રસ્તો બિસ્માર હાલતમાં છે. જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી હેમલતાબેન સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. મંદિરના ટ્રસ્ટી પ્રમુખશ્રી સાગરભાઈ રબારી, બાબુભાઈ રબારી, મંત્રી વિહાભાઈ અને અમિભાઈ દેસાઈ દર્શનાર્થીઓને વધુ સવલતો મળે તે માટે પ્રયત્નો કરી રહ્યાં છે.*

## ધનસુરા પંથકમાં વરસાદની પ્રતિક્ષા કરતા ધરતીપુત્રો

*ધનસુરા, તા. ૨૩*

*ચોમાસાની ઋતુ શરૂ થતાં ધરતીપુત્રો ખેતરો ખેડી વાવેતર માટે ચાતક નજરે મેઘરાજાની પધરામણીની પ્રતિક્ષા કરી રહ્યા છે. અષાઢ મહિનો શરૂ થયો છતાં હજુ વિધિસર ધમાકેદાર ચોમાસું આરંભાયું નથી. સિંચાઈની સવલતવાળાઓએ વાવેતર કરેલ છે. છેલ્લા કેટલાય વર્ષોથી વરસાદ નિયમિત ન હોવાથી ખેડૂતોમાં દ્વિધાની લાગણી અનુભવે છે. ઉકળાટ વાદળભર્યું વાતાવરણ છે. પરંતુ વરસાદથી ધરતીપુત્રો પ્રાર્થના કરી રહ્યા છે.*

**જાહેરાત**

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**

બિરશામુંડા ભવન, ભોંયતળિયે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

આદિજાતિનાં લાભાર્થીઓને જીટીડીસીની **IDDP** ડેરી ધિરાણ યોજના અને અન્ય યોજના હેઠળ આપેલ ધિરાણ / આવેલ વસુલાતના હિસાબોને ડેટા એન્ટ્રી કરવા માટે રસ ધરાવતી વ્યક્તિ / કંપની / સંસ્થાએ કામગીરીની વિગત સમજવા માટે પ્રિબીડ મીટીંગ તા. ૩૦-૬-૨૦૧૨ સમય : ૨.૦૦ કલાકે રાખેલ છે. ત્યારબાદ રસ ધરાવનારએ તેઓના ભાવોના સિલબંધ કવરમાં તા. ૫-૭-૨૦૧૨ સુધીમાં ભરવાના રહેશે. ટેન્ડર તા. ૬-૭-૨૦૧૨ રોજ ૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. કામગીરીની વિગતો અને અન્ય શરતો પ્રિબીડ મીટીંગ વખતે હાજર રહેરનારને રૂબરૂમાં જાહેર કવરામાં આવશે. પ્રિબીડ મીટીંગમાં હાજર ન રહેનારનાં ભાવપત્રક સ્વિકારવામાં આવશે નહીં.

**કાર્યપાલક નિયામક**
**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**
**ગાંધીનગર**

માહિતી/૬૬૮/૧૨-૧૩

**Change of Name**

Old Name : Bibha Sinha
New Name : Wibha Sinha
Read my name as Wibha Sinha instead of Bibha Sinha

Address
W/o Shailendrakumar Singh
Q. No. 621/1, Sector-13/A,
Gandhinagar Ahmedabad
Gujarat-382016
M. 9173126533


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

**Nirmala Tyres**

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧